# વર્ગખંડની બહારનું શીક્ષણ

– જીતેન્દ્ર દેસાઈ

મારું પ્રાથમીક, માધ્યમીક અને મહાવીદ્યાલયનું એમ બધું જ શીક્ષણ ગાંધીજીના શીક્ષણના પ્રયોગ જેવી નઈ તાલીમની પ્રાયોગીક શીક્ષણપદ્ધતીમાં થયું. એ શીક્ષણપદ્ધતીની એક વીશેષતા યા લક્ષણ હોય તો તે વર્ગની ચાર દીવાલો બહારનું શીક્ષણ યા ઘડતર. તેનું સાધન નાના–મોટા પ્રવાસો અને શીબીરો. શીબીરો પણ જુદે જુદે સ્થળે થાય એટલે પ્રવાસ બની જાય. વર્ગબહારનું આ શીક્ષણ યા ઘડતર કાયમી પ્રભાવ મુકી ગયું છે. સીત્તર થયાં મને, તોય સહાધ્યાયીઓ ભેગા થઈ જઈએ ત્યારે પ્રવાસ અને શીબીરનાં સંસ્મરણો વાગોળવા સમય ઓછો પડતો હોય તેમ લાગે છે.

પ્રાથમીક તથા માધ્યમીક શીક્ષણનાં વરસોમાં, વરસના અન્તે વેકેશનો પહેલાં, અઠવાડીયા–દસ દીવસનો પ્રવાસ ખરો જ. તે સીવાય શની–રવી ને ક્યારેક તહેવારના દીવસે સ્થાનીક પ્રવાસો થતા તે જુદા; તે પણ મહીને એક યા બે તો ખરા જ. હરીજન આશ્રમ, સાબરમતીનું પાવર હાઉસ, દુધેશ્વરનું વોટર–વર્કસ, કેમ્પનાં હનુમાન, ભીમનાથનું મન્દીર, હઠીસીંગનાં દેરાં ને વાડી, સ્વામીનારાયણ મન્દીર, અડાલજની વાવ, ઝુલતા મીનારા, ચંડોળા તળાવ, કાંકરીયા અને નગીના વાડી, દરીયાખાનનો ઘુમ્મટ ને સરખેજનો રોજો, જેતલપુરનો મહમ્મદ બેગડાનો મહેલ ને કીલ્લો અને ત્યાંથી આગળ ઉંટડીયા મહાદેવ ! બધું સીનેમાની પટ્ટીની જેમ આંખ સામેથી સરી જાય છે. નાના બગલથેલામાં નાસ્તાનો ડબ્બો સાથે લઈ, બબ્બેની જોડીમાં લાઈનસર, રસ્તાની કોરે કોરે ચાલતા જવાનું ને ચાલતા પાછા આવવાનું ! ક્યારેક એએમટીએસની લાલ બસમાં એક તરફના પ્રવાસની છુટ મળતી ત્યારે આખી બસ અમારાથી ભરાઈ જતી. ત્યાંય સમુહગીતોની ગમ્મત ને અન્તકડીની હરીફાઈ જામતી !

આવા સ્થાનીક પ્રવાસો કરી માધ્યમીક શીક્ષણનાં વરસોમાં આખું અમદાવાદ અમે પગ તળેથી કાઢેલું એમ કહેવાય. એનો પ્રભાવ ? આજે ઉપર જોયાં તે સ્થળોમાંના કોઈ એક પાસેથી પસાર થતાં એમ થાય કે આટલે દુર અમે બબ્બેની લાઈનમાં ચાલતા આવેલા ! અલબત્ત, ત્યારે ચડતું લોહી હતું આજે તેવું નથી. તોય વીશ્વાસ ખરો કે આવી પડે તો આ શું, આનાથી વધારે અંતર

ચાલી કાઢીએ. આ વીશ્વાસ એ પ્રવાસનો, સ્થાનીક પગપાળા પ્રવાસનો પ્રભાવ. વળી, આ દરેક સ્થળે ગયા હોઈએ તેનાં ખાટાંમીઠાં, ખટમધુરાં સ્મરણો પણ સ્મૃતીપટ પરથી પસાર થઈ જાય. જીવનના પુર્વાર્ધનાં આવાં સંસ્મરણો જીવનને જીવવા જેવું બનાવી રાખે છે.

માધ્યમીક શાળા એટલે કે વીનય મન્દીરનાં વરસોમાં બન્ને વેકેશન પહેલાં પંદરેક દીવસનો પ્રવાસ ગોઠવાતો. આબુ–અંબાજી, પાટણ–વડનગર, મોઢેરા–બહુચરાજી, ચાંપાનેર–પાવાગઢ, પાલીતાણા–શેત્રુંજય, સોમનાથ–વેરાવળ, દ્વારકા–પોરબંદર ને વચ્ચે હરીસીદ્ધ માતા. આ અમે આવા પ્રવાસો દ્વારા અમે ગુજરાત–સૌરાષ્ટ્રનાં ઐતીહાસીક અને ધાર્મીક તીર્થસ્થાનો અંકે કરી લીધેલાં. આ પ્રવાસોમાં અઠવાડીયા સુધી ચાલે તેટલો કોરો નાસ્તો સહુ સાથે લાવે. તેમાં સુખડી, થેપલાં, વડાં, ખારી પુરી, નાની ગોળ ગોળ ભાખરી, સાથે ગોળ ને છુંદો એવું બધા લાવે. પ્રવાસમાં સવાર–સાંજ જ્યાં રોકાણ થાય ત્યાં સહુ કુંડાળામાં બેસી, ડબ્બા ખોલી મોજથી ભુખ ઠારે. આ વાનગીઓમાં વાતોનાં વડાં સૌથી ચડી જાય તેવાં !

જ્યાં જમવાનું મળે ત્યાં એવું જમવાનું કે સાથે લાવેલો નાસ્તો બચે ! જુનાગઢના પ્રવાસમાં એક ‘શારદા લૉજ’ હતી. તેમાં લગભગ બપોરે એકના અરસામાં અમારી ટુકડી પહોંચે. આ લૉજમાં અમે એક ટંકે બે ટંકનું જમી લેતા. લૉજવાળાય અમને આવેલા જોઈ ધમધોકાર કામે લાગી જાય અને સમજી જાય કે આ એક–બે રોટલી નહીં; પણ રોટલીની થપ્પી ખાનારા આવ્યા છે. યાદ રહી ગયું હોય તો તે એ કે અમને તે પ્રેમથી આવકારી સંતોષ થાય તેવી રીતે જમાડતા. હમણાં જુનાગઢ જવાનું થયું તો તે ‘શારદા લૉજ’ શોધી; પણ જડી નહીં. પચાસેક વરસ પરની વાત, કેવી રીતે જડે ? પણ જડી હોત તો એક ટંક જમવા જઈ પચાસ વરસ પહેલાંનું ભોજન, સ્થળ, પીરસનાર વગેરેને યાદ કરતાં કરતાં એકાદ રોટલી વધારે જમી લીધી હોત એ નક્કી.

આ પ્રવાસોમાં પ્રવાસ ઓછામાં ઓછા ખરચે એટલે કરકસરથી કરવાનો. આવી કરકસર આવે એટલે અગવડ પણ આંગળી પકડીને સાથે આવે. ત્યારે સંસ્કૃતીના પરીવ્રાજક કાકાસાહેબ યાદ આવેઃ ‘પ્રવાસ એટલે અગવડો વેઠવાની બાદશાહી ઢબ !’ આ વાત જેણે આત્મસાત કરી તેને જીવનના ઘણા પ્રસંગે અગવડ વેઠવાની આવે ત્યારે તે અગવડ, અગવડ લાગે જ નહીં. સગવડ–અગવડ વચ્ચેની ભેદરેખા જ ભુંસાઈ જાય. પ્રવાસનો આ પ્રભાવ અમારી ઉપર કાયમ રહ્યો.

કરકસરના આ આગ્રહને કારણે મોટે ભાગે પ્રવાસી ટુકડીનો પડાવ પરીચીત શાળાની ઓસરીમાં કે છાત્રાલયના મોટા ખંડમાં રહેતો. ત્યાં પહોંચી પહેલું કામ વાળીઝુડી, સોઈ–ઝાટકીને એ જ જગ્યાને ચોખ્ખી–ચણાક બનાવી દેવાનું. પછી લાઈનસર પથારી પાથરવાની. પથારી એટલે એક જણ સુઈ શકે તેવી સાંકડી શેતરંજી, ઓઢવાનું, નાનું ઓશીકું કે બગલથેલાનું ઓશીકું. ઘણા તો તેય ટાળતા. પ્રવાસનો થાક એવો લાગ્યો હોય કે આ પથારી પરેય મીઠી નીંદર આવી જ જતી. આ પ્રવાસમાં ખપ પુરતી ઓછામાં ઓછી ચીજવસ્તુઓથી ચલાવી લેવાની જે તાલીમ મળી તે પ્રવાસનો કાયમી પ્રભાવ ગણાય. ક્યાંક પાણીની તંગી હોય તો ઓછા પાણીથી વાસણ સાફ કરવાના કીમીયા ને સ્નાન ગપચાવીને પણ સ્વચ્છ રહેવાની આવડત પણ આ પ્રવાસે શીખવી.

એક વાર સૌરાષ્ટ્રના પ્રવાસમાં અમારું રાત્રીરોકાણ રેલવે સ્ટેશનના એક પ્લૅટફૉર્મ પર કરવું પડે એવી નોબત આવી. પ્લૅટફૉર્મના એક છેડે જગ્યા પસંદ કરી, સાફ કરી, અમે લાઈનસર શેતરંજી પાથરી સુવાની તૈયારી કરી લીધી. પ્લૅટફૉર્મ પરના મુસાફરો અમારી પ્રવૃત્તી કુતુહલપુર્વક જોયા કરે. પ્રાર્થના કર્યા વગર સુવાનું હોય કે ! એટલે અમે અમારા શીક્ષક સાથે સમુહપ્રાર્થના કરી. ખાલી ડબ્બાના ઢોલકના તાલે સુંદર ભજન ગવાયું ને ઝીલાયું. રામધુન પણ ખરી અને જરા જોરથી જામી. પછી થોડો મનોરંજન કાર્યક્રમ પણ પીરસાયો. રસ્તા પર જાદુનો ખેલ જોવા ટોળું મળે તેમ પ્લૅટફૉર્મ પર પણ મુસાફરોનું ટોળું જામ્યું. કાર્યક્રમ પતાવી અમે સુવાની તૈયારી કરતા હતા ત્યાં મુસાફરોમાંનો એક મારી પાસે આવ્યો અને પુછયું, ‘ તમે બધા કોઈ અનાથ આશ્રમવાળા છો ?’ એને શી ખબર કે નઈ તાલીમની પ્રાયોગીક શાળાના આ વીદ્યાર્થીઓ ‘*અ–નાથ*’ નહીં; પણ ‘*બે–નાથ*’વાળા છે ! એક નાથ ઉપરવાળો ને બીજો રાષ્ટ્રપીતા મહાત્મા ગાંધી !

શીક્ષણમાં ચાર દીવાલના વર્ગખંડની બહાર આવા પ્રવાસ દ્વારા જે શીક્ષણ મળ્યું તેનો પ્રભાવ હરપળે યાદ આવે તેવો છે. જે વીદ્યાર્થીઓ આવી તાલીમથી વંચીત રહે છે તે. શીક્ષણનું એક મહત્ત્વનું પ્રદાન ગુમાવે છે. મારા દીકરા વીવેકનું શીક્ષણ ચીલાચાલુ સામાન્ય શાળા ને કૉલેજમાં થયું. પ્રવાસ દ્વારા જીવનઘડતરની તક તેને મળી નહીં. એટલે તે ગ્રેજ્યુએટ થયો તેની સાથે મેં તેને એક સુચન કર્યું: ‘આપણાં સગાંસમ્બન્ધી ગુજરાત ઉપરાન્ત મહારાષ્ટ્ર, બીહાર, મધ્યપ્રદેશ એમ અડધા દેશમાં ફેલાયેલાં છે. તે બધાંને મળી આવ. પ્રવાસનો કાર્યક્રમ જાતે બનાવવાનો, રીઝર્વેશન

ઈત્યાદી જાતે કરાવવાનાં ને કરકસરથી મુસાફરી કરવાની.' તેણે તે સ્વીકાર્યું. ગુજરાત, મહારાષ્ટ્ર, બીહાર, યુ.પી., એમ.પી.માં રહેતાં સગાંવહાલાંને તે મળી આવ્યો. જ્યાં જાય ત્યાં આજુબાજુનાં સ્થળો પણ જોયાં. એ પ્રવાસ પુરો કર્યા પછી તેણે જે કહ્યું તે પ્રવાસનો સાચો પ્રભાવ અને પ્રદાનઃ *'ત્રણ વરસના કૉલેજના શીક્ષણમાં હું જે શીખ્યો, તેનાથી ત્રણગણું હું આ ત્રણ મહીનાના પ્રવાસમાં શીખ્યો છું !'* અસ્તુ...

(ઑક્ટોબર–નવેમ્બર ૨૦૦૯ના 'નવચેતન'ના દીવાળી અંકમાં પ્રકાશીત થયેલો આ લેખ, તારીખ 16/3/2010ના 'નયા માર્ગ' પાક્ષીક ના અંકમાંથી લેખકશ્રી અને તંત્રીશ્રીની પરવાનગી અને સૌજન્યથી સાભાર.... 'નયા માર્ગ' ના નવા–જુના અંકો વાંચવા જુઓ વેબ સાઈટ http://sites.google.com/site/vachanyatra/home/nayaa-maarg ..ઉત્તમ ગજ્જર..)

– જીતેન્દ્ર દેસાઈ

મહાત્મા ગાંધી સ્થાપીત 'ગુજરાત વીદ્યાપીઠ, અમદાવાદ'ના પુર્વ કુલનાયક અને હાલ 'નવજીવન ટ્રસ્ટ'ના મુખ્ય વ્યસ્થાપક (મેનેજીંગ ડીરેક્ટર) અને ટ્રસ્ટી શ્રી. જીતેન્દ્રભાઈ દેસાઈ અનુવાદક, નીબન્ધકાર અને વાર્તાકાર તરીકે જાણીતા છે. એમનું પ્રવાસ–પુસ્તક 'વીદેશ વસવાટનાં સંભારણાં' બહુ વંચાયું ને વખણાયું છે.

લેખક–સમ્પર્કઃ 'નવજીવન બ્લૉક્સ', ભક્ત નરસીંહ મહેતા માર્ગ, અમદાવાદ–380 014
ફોનઃ (R) 079-2644 2188 (O) 079-2754 1329 Mobile: 98240 61606
ઈ–મેઈલ – jtndrnavajivan@hotmail.com

**'સન્ડે ઈ–મહેફીલ'** – **વર્ષઃ** છઠ્ઠું – **અંકઃ** 197 – August 01, 2010
**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમાં અક્ષરાંકનઃ **ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com

હવે 'સન્ડે ઈ–મહેફીલ' સાપ્તાહીક નથી રહી શકી.. તે પાક્ષીક બની છે.

2005થી સતત ચાલતી રહેલી આ બહુરંગી 'વાચનયાત્રા' હજીયે અવીરત ચાલુ જ છે. 'સન્ડે ઈ–મહેફીલ'ની મનગમતી કૃતી વાંચવા કે તેની પીડીએફ ડાઉનલોડ કરવા http://gujaratilexicon.com/index.php?action=downloadSeM ની મુલાકાત લેવા વીનંતી.

તદુપરાન્ત અમે, પચીસ–પચીસ 'સ.મ.'ની પીડીએફની એક, એવી સાત ઝીપફાઈલ બનાવી છે.. જેમને ડાઉનલોડ કરવું ન ફાવે તે અમને uttamgajjar@gmail.com પર લખશે તો અમે

એક પછી એક તે સાતેય ઝીપ ફાઈલ તમને મોકલી શકીશું. અને આમ, તમારી પાસે **175 ‘સ.મ.’**ની પીડીએફનો સંગ્રહ અવકાશે વાંચવા અને મીત્રોને મોકલવા સુલભ બનશે.

## ‘લખે ગુજરાત’

ગુજરાત રાજ્યની સ્થાપનાને પચાસ વર્ષ થયાં. ‘સ્વર્ણીમ ગુજરાત’નો આ મહોત્સવ આખું વર્ષ ઉજવાશે. સાથે સાથે ‘વાંચે ગુજરાત’નું પણ એક જોરદાર અભીયાન ઉપડ્યું છે. આપણે તો 2005થી ‘સન્ડે ઈ–મહેફીલ’ મારફત ‘વાંચે ગુજરાત’ની ‘વાચનયાત્રા’ શરુ કરી જ છે ! આજે પંદર હજાર સરનામે તે પહોંચે છે. સાથે સાથે શ્રી રતીલાલ ચંદરયાએ ‘ગુજરાતીલેક્સિકોન’ મારફત લગભગ **45** લાખ શબ્દોનો વીશાળ શબ્દભંડોળ નેટ પર ઉપલબ્ધ કરાવી આપ્યો છે. આજ દીન સુધીમાં તેની લગભગ **55** લાખ મુલાકાતો નોંધાઈ ચુકી છે.

તો હવે ? આમ, ઈન્ટરનેટ પર મળતા રહેતા આપણ સૌ ‘ગુજરાતી’ મીત્રો વીશેષ શું કરી શકીએ ‘ગુજરાત’ અને ‘મા ગુર્જરી’ની સેવામાં ? આપણે સૌ સાથે મળી કમ્પ્યુટરના સ્ક્રીન પર ‘લખે ગુજરાત’ની ઝુમ્બેશ ઉપાડીએ તો ?

કમ્પ્યુટર પર કામ કરતો એકેએક ગુજરાતી ગુજરાતીમાં લખતો થાય તો તે ‘ગુજરાતીઓ’ની મોટી સીદ્ધી ગણાશે. ઘણા શીખ્યા જ છે; પણ હજી ઘણા બાકી છે. ‘રોમનાઈઝ્ડગુજરાતી’માં ક્યાંક બીજે લખીને, તેને ગુજરાતીમાં પરીવર્તીત કરીને, તેની કૉપી કરીને, અહીં પેસ્ટ કરવું પડે, એ ઝંઝટમાંથી મુક્તી મેળવવા અમે કમર કસીને તૈયારી કરી છે. તમે વીન્ડો એક્સપી, વીન્ડો સેવન કે એઈટ, કે વીસ્ટા કે એપલ–મૅક કંઈ પણ વાપરતા હો તો પણ તમે આમ જ, અહીં કર્સર મુકી, સીધું જ, બહુ સરળતાથી, યુનીકોડ ‘શ્રુતિ’ કે તમને જે ગમતા હોય તે ગુજરાતી યુનીકોડ ફોન્ટમાં અને દેવનાગરીમાં લખવું હોય તો ‘મંગલ’ ફોન્ટમાં લખી શકો છો.

હવે તમારે માત્ર http://lakhe-gujarat.weebly.com/ વેબ સાઈટ ખોલી, માત્ર બે કીબોર્ડ ડાઉનલોડ કરવાનાં છે. બધી સામગ્રી ત્યાં જ મુકી છે, ઈન્સ્ટોલેશન પ્રક્રીયાની સુચનાવાળી ચીત્રો સાથેની પીડીએફ અને કીબોર્ડના મેપીંગની પીડીએફ પણ ત્યાં મુકી છે. ડાઉનલોડ પર ‘ક્લીક’ કરો અને બેઠેબેઠે જોયા કરો. બધું જ આપોઆપ ઈન્સ્ટોલ થતું જશે અને તમે ગુજરાતીમાં અને દેવનાગરીમાં પણ લખતા થઈ જશો.

ऐक बीजी वात. राष्ट्रभाषा हीन्दी के मराठी के संस्कृतमां लखवा माटे देवनागरी की-बोर्ड पण त्यां आप्युं ज छे. ते पण डाउनलोड करी राखवुं जरुरी छे. कंई ज अघरुं नथी. कारण, गुजराती अने देवनागरीनुं की-बोर्ड मेपींग तद्दन समान ज छे. जेम गुजरातीमां लखो, तेम ज लखता जवानुं.. अक्षरो देवनागरीमां लखाशे. आ लख्युं छे तेम ज..

આ સુવીધા ઉપલબ્ધ કરી આપનાર હાલ ચેન્નાઈસ્થીત પણ મુળ સુરતના ભાઈ હીમાંશુ મીસ્ત્રી અને તેમને સદા પ્રેરણા આપનાર શ્રી રતીલાલ ચંદરયાનો આભાર માનીએ.

કંઈ પણ તકલીફ જણાય તો તે વીશે કે તમારે કંઈક સુચનો કરવાં હોય તો, મને uttamgajjar@gmail.com પર જરુર લખજો. ઈન્સ્ટોલ કરો કે કરાવો અને લખતા થઈ જાઓ ગુજરાતીમાં. તમે ગુજરાતીમાં લખતા નહીં થઈ જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે જ રહીશું... ગુજરાતી/દેવનાગરીમાં લખતાં શીખેલો એક જણ, બીજા ઓછામાં ઓછા એક જણને લખતા શીખવે તેવું અમારું સ્વપ્ન છે..

*(લેંગ્વેઝ બાર ન આવતો હોય તો....ખોલો...*

*Control Panel> Regional anlanguage>language>Detail*

*Detail પર ક્લીક કરવાથી જે બારી ઉઘડશે તેની નીચે Language Bar બટન હશે.. તે ક્લીક કરતાં જે બારી ઉઘડે, તેમાંનાં બૉક્સમાંનાં પહેલા અને ત્રીજામાં ટીક કરી Apply...Ok કરતાં લેન્ગ્વેઝ બાર Desktop પર પણ દેખાશે. અને જો ત્યાં ન દેખાય તો નીચે ટાસ્કબાર પર દેખાશે અને તેને ત્યાંથી ઉપર Desktopના મથાળે લઈ જવાશે. તમારી સફળતાના સમાચાર જાણવા આતુર..)*

‘જય ગુજરાતી’

Uttam Gajjar, e-mail: uttamgajjar@gmail.com

********************************

More than 50,50,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 4,60,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 60,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com
You too are invited to visit Gujaratilexicon with a new interface.

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ** છઠ્ઠું – **અંકઃ** 197 – August 01, 2010

**‘ઉંઝાજોડણી’**માં અને **‘શ્રુતી’** ફોન્ટમાં અક્ષરાંકનઃ **ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com